# Veer Narmad South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'A' grade

## દક્ષિણાયન

**Dakshinayan e-Newsletter**

Vol.2, Issue.13, June 2019

For Private Circulation Only

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT








Dr. Shivendra Gupta
Vice-Chancellor

આપણી યુનિવર્સિટી
આપણું ગૌરવ



# યુનિવર્સિટી ન્યુઝ

## Faculty Development Programme

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને જી. એચ. ભકતા મેનેજમેન્ટ એકેડમી ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટના સંયુકત ઉપક્રમ"ADVANCES IN MANAGEMENT RESEARCH"વિષય પર એક દિવસીય ફેકલ્ટી ડેવલેપમેન્ટ પ્રોગ્રામનું તાઃ ૦૨/૦૫/૨૦૧૯ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રોગ્રામના અધ્યક્ષ અને ઉદઘાટક તરીકે કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તા હાજર રહયા હતા. તેમણે તેમના વકતવ્યમાં જણાવ્યું કે, યુનિવર્સિટીના દરેક વિભાગ ખાતે સેમિનારો, કોન્ફરન્સો અને ફેકલ્ટી ડેવલેપમેન્ટ પ્રોગ્રામોનું આયોજન દર મહિને યોજાવા જોઈએ અને યુનિવર્સિટી આ બાબતે દરેક વિભાગને જરૂરી તમામ સહકાર પૂરો પાડશે. આવા આયોજન કરવાથી વિભાગ તેમજ વિભાગના ફેકલ્ટીઓ અને યુનિવર્સિટીનો શૈક્ષણિક વિકાસ થશે જેનો લાભ વિદ્યાર્થીઓ અને સમાજને મળશે. સદર પ્રોગ્રામમાં ઈન્ચાર્જ કુલસચિવશ્રી ડૉ. આર. સી. ગઢવી પણ હાજર રહયા હતા.

પ્રોગ્રામના રિસોર્સ પર્સન તરીકે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટના (IIM) TRICHY ના પ્રોફેસર ડૉ. દીપક કુમાર શ્રીવાસ્તવ હતા. કુલ ૨૦ ફેકલ્ટીઓ અને રિસર્ચ સ્કોલરોએ ભાગ લીધો હતો.

પ્રોફે.ડૉ. દીપકકુમાર શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, પ્રોગ્રામ એટલા માટે મહત્વપૂર્ણ છે, કારણ કે FDP નો વિષય એવો છે જેમાં સમાજને લગતા પ્રશ્નો કેવી રીતે ઓળખીને સંશોધનો કેવી રીતે થઈ શકે અને સમાજને ઉપયોગી નીતિવિષયક નિર્ણયો લઈ શકાય એના ઉપર ચર્ચા કરવામાં આવશે. હાલ ભારતમાં મેનેજમેન્ટ વિષયમાં સંશોધનો થાય છે, તે સમાજને ઉપયોગી થાય એવા ઓછા હોય છે. સામાજીક વિષયોને સ્પર્શતા સંશોધનો કરવા એ એક પડકાર છે. એટલે મેનેજમેન્ટ વિષયમાં સંશોધકોએ એવા વિષયો ઉપર પસંદગી કરવી જોઈએ, જે રાષ્ટ્રની પ્રગતિમાં ઉપયોગી થાય.

કાર્યક્રમની આભાર વિધિ યુનિવર્સિટીના મેનેજમેન્ટ ફેકલ્ટીના ડીન અને વિભાગના પ્રોફેસર ડૉ. જયદીપ ચૌધરી દ્વારા કરવામાં આવી હતી.










## ક્રિકેટમાં ફિલ્ડિંગનું મહત્વ: વ્યાખ્યાન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પ્રાંગણમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ખેલાડી અને ફિલ્ડિંગના નિષ્ણાંત શ્રી જોન્ટી રોડસનું "ક્રિકેટમાં ફિલ્ડિંગનું મહત્વ"વિષય ઉપર વ્યાખ્યાન તા ૮–૫–૨૦૧૯ના રોજ યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં યોજવવામાં આવ્યું હતું. શ્રી જોન્ટી રોડસ દક્ષિણ આફ્રિકાના પૂર્વ ટેસ્ટ અને એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ખેલાડી છે અને ક્રિકેટના ઈતિહાસમાં વિશ્વના ઉત્કૃષ્ટ ફિલ્ડર તરીકે પ્રખ્યાત છે. તેઓ મુંબઈ ઈન્ડિયન્સ ટીમના ફિલ્ડિંગ કોચ પણ હતા. આ અવસર પર યુનિવર્સિટીના કુલપતિશ્રી ડો. શિવેન્દ્ર ગુપ્તાએ પોતાના અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં શ્રી જોન્ટી રોડસનો પરિચય આપતા કહ્યું કે "તેઓ ઉત્તમક્રિકેટ ખેલાડી છે અને તેમણે જેટલા રન મેળવ્યા છે તેના કરતા વધારે રન પોતાના ફિલ્ડિંગ કૌશલ્ય દ્વારાબચાવ્યા છે. તેઓ સારા હોકી ખેલાડી પણ છે અને વિનયીવ્યકિતત્વ છે." પોતાના પ્રાસંગિકવકતવ્યમાં શ્રી જોન્ટી રોડસએ પોતાના ક્રિકેટ કારકીર્દીમાંથી જુદી જુદી ઘટનાઓનો ઉલ્લેખ કરતા ઉપસ્થિત ક્રિકેટ પ્રેમીઓને કહ્યું હતું કે અસફળતાનો ડર રાખવો નહી અને પોતાની ભૂલોથી શીખવું જોઈએ. ઉપરાંત તેમણે ઉમેર્યું કે આ વિશ્વ પરિવર્તનશીલ છે. પરિવર્તન જયારે આપણા સમક્ષ આવે છે ત્યારે ઘણા લોકો પરિવર્તનથી ડરે છે, અમુક લોકો પરિવર્તનને સ્વીકારે છે પરંતુ જે વ્યકિત પરિવર્તન લાવવા માટે આગળ પડતો પ્રયાસ કરે છે એ વ્યકિત જીવનમાં સફળ થાય છે. તેમણે પોતાના ક્રિકેટના અનુભવોમાંથી ઉદાહરણ આપતા કહ્યું કે મેચ જીતવા માટે એક રનનો ફાળો પણ અગત્યનો હોય છે. તે જ રીતે દેશ અને સમાજ માટે દરેક વ્યકિતનો ફાળો મહત્વનો છે અને દરેક વ્યકિતએ પોતાની ફરજ નિભાવવી જોઈએ. આ પ્રસંગે મંચ ઉપર યુનિવર્સિટીના કા. કુલસચિવશ્રી એ.વી.ધડુક અને યુનિવર્સિટી યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણના નિયામકશ્રી પોલ ડેવિડ પણ ઉપસ્થિત રહયા હતા. યુનિવર્સિટીના સિન્ડિકેટ અને સેનેટના સભ્યો, વિભાગના અધ્યક્ષો,પ્રોફેસરો, સુરત શહેરના ક્રિકેટ એકેડમીના ખેલાડીઓ, ક્રિકેટના કોચ અને ક્રિકેટ રસિકો આ પ્રસંગે મોટી સંખ્યામાં હાજર હતા.




**જોન્ટી રહોડ્સ : વ્યાખ્યાનના અંશ:**

(૧) હું અહી વિદ્યાર્થીઓને ક્રિકેટ શિખવાડવા નથી આવ્યો.ક્રિકેટને તમે જીવનની વિવિધ પરિસ્થિતિ સાથે કનેકટ કરી ઘણુંબધું શીખી શકો છો. સૌથી પહેલાં તો ક્રિકેટ તમને જુદી–જુદી પરિસ્થિતિમાં કઈ રીતે વર્તન કરવું એ શીખવે છે. ક્રિકેટની બાબતોને તમે કોઈપણ ફીલ્ડમાં અમલીકરણ કરી શકો છો. ભલે ને બિઝનેસ હોય, એજયુકેશન હોય, પ્રોફેશનલ, પર્સનલ લાઈફ હોય કે કોઈ ઈન્સ્ટિટયૂશન. બધા સામે ક્રિકેટ જેવી જ પરિસ્થિતિ ઊભી થાય છે. વિપરીત પરિસ્થિતિમાંથી તમારું એટિટયૂડ જ તમને બહાર કાઢે છે. યુવાઓને લાઈફમાં આવતા ઉતાર–ચઢાવથી કઈ રીતે બહાર આવી શકાય એ પણ તમને ક્રિકેટ શીખવાડે છે. હાર–જીતથી વધારે મહત્વનું છે રમવું. તમારું નાનામાં નાનું યોગદાન તમારી સંસ્થા, ટીમ, દેશ કે કંપનીનું ભવિષ્ય બદલી શકે છે.'

(૨) તમે જે ક્ષેત્રમાં છો એમાં તમે કેવા છો એ જરૂરી નથી, પણ તમે જે કાર્યમાં ઉત્તમ છો અને ઉંચાઈએ પહોંચો એ જ તમારી સફળતા છે. એક બેટ્સમેન તરીકે મારી બેટિંગ એવરેજ ૩૩ની છે, પણ ફીલ્ડિંગમાં ઉત્તમ હતો. એટલે મારું લક્ષ્ય એ ક્ષેત્રમાં ઉંચે રહેવાનું હતું. જેનાથી હું ખુશ છું. મારી ફીલ્ડિંગના કારણે મને દુનિયાના લોકો ઓળખે છે. એ મારી સફળતા છે. ફક્ત પ્રેક્ટિસથી કંઈ થાય નહી. હું જયારે પણ પ્રેક્ટિસ કરતો ત્યારે એને પ્રેક્ટિસ નહી, મેચ રમું છું તેમ સમજીને કરતો. ૪ કલાક કોઈ કામ પાછળ ખર્ચવા કરતાં ૪૦ મિનીટની પણ પ્રકેટીસ કરો. પણ એ ૪૦ મિનીટમાં ૪૦ કલાકનું કામ કરો. રિઝલ્ટ કરતાં એની પ્રક્રિયા વધુ મહત્વની છે. જયારે તમે ફીલ્ડિંગમાં કેચ–ડ્રોપ કરો છો ત્યારે તમે કેવી તૈયારી કરી એ વધારે મહત્ત્વનું છે. ફીયર ઓફ ફેલ્યોર ક્પ્સિ યુ ઓન સેમ લેવલ. સફળતા માટે ડરને ભગાવી ઈનિસિએટ કરવું પડે છે.

(૩) વિશ્વમાં બધું જ બદલાઈ રહ્યું છે રમત હોય, સરકાર હોય, સંસ્થા હોય કે પછી બિઝનેસ. જે પરિવર્તન લાવે છે તેને સૌથી પહેલાં સફળતા મળે છે. વર્ષો સુધી અમે વન–ડેમાં પ્રથમ ૧૦ ઓવરમાં વિકેટ બચાવીને રમતાં પણ અને છેલ્લી ઓવર્સમાં એટેક કરતાં. જો કે, ૧૯૯૨માં ૧૫માં ક્રમે રહેલી શ્રીલંકાની ટીમ પરિવર્તિત થઈને આવી અને પહેલાં ૧૫ ઓવરની રમતને જ બદલી નાખી. એ ટીમ ક્રિકેટમાં સ્વશ્વ ચેમ્પિયન બની.

(૪) અમે ૧૯૯૯ના વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયા સામે ૧ રનથી હારી ગયા અને ફાઈનલમાં પહોંચી નહી શકયા. ૨૦૦૩માં ૧ રનથી ડકવર્થ લુઈસ નિયમથી અમે વર્લ્ડ કપમાંથી બહાર થઈ ગયા. ઓસ્ટ્રેલિયાએ ૪૩૪ રન કર્યા. જવાબમાં અમે પણ છેલ્લી ઓવર સુધી મેચ લઈ ગયાં. ૯ વિકેટ પડી ગઈ હતી અને બ્રેટલી સામે મખાયા એન્ટની બેટિંગ કરી રહ્યો હતો. એન્ટનીએ રન બનાવતાં અમે સિરીઝજીત્યા. મેચ પ્રેઝન્ટેશન ઉજવણીમાં એન્ટની હસી રહ્યો હતો ત્યારે મેં એને કીધું કે, તારી આટલી ધોલાઈ થઈ અને આટલો ખરાબ દિવસ હોવા છતાં હસે છે ત્યારે તેણે મને કીધું કે, મારો દિવસ ખરાબ નહી, ઉત્તમ છે. મેં જ મેચ જીતાડી. મેં એને કીધું કે, હર્શલ ગિબ્સે ૧૭૦ થી વધારે રન કર્યા અને તું કહે કે તેં જિતાડયું. એણે મને જવાબ આપ્યો કે, જો હું ત્યારે આઉટ થઈ ગયો હોત તો ? મારો એક રન કાઢી નાખો તો ખબર પડશે કે મેચ કોણે જિતાડી ?











## એન.એસ.એસ. ચિત્ર સ્પર્ધા






















તા. ૨૩/૩/૨૦૧૯ના રોજ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના નર્મદ સ્મૃતિ ભવન તથા યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે શિઘ્ર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું જેમા યુનિવર્સિટી સંલગ્નવિવિધ કોલેજોના ૩૦ વિદ્યાર્થી/ વિદ્યાર્થીનિઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તા, ફાઈન આર્ટસ્ વિભાગનાઆસિ. પ્રોફે. શ્રી મેહુલ પટેલ તથા રાષ્ટ્રીય સેવા યોજનાના કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. પ્રા. ભરત ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કુલપતિશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતુ. કુલપતિશ્રી વિદ્યાર્થીઓને જીવનમાં ચિત્રોનામહત્વ અંગેની સમજણ આપી હતી. ફાઈન આર્ટસ્ વિભાગનાઆસિ. પ્રોફે. શ્રી મેહુલ પટેલે વિદ્યાર્થીઓને ચિત્રો કઈ રીતે દોરવા એ અંગે સમજણ આપી હતી.

આ સ્પર્ધામાં ૧. ભાટિયા કાજોલ પ્રમોદભાઈ (બી.એ.મહેતા કલા મહાવિદ્યાલય, અમલસાડ.) ૨. ઈટવાલા પૂરવ હિતેશભાઈ (સાંદ્રા રોફેલ નર્સિંગ કોલેજ) ૩. ટંડેલ પૂર્વી ડી. (એસ.એસ. અગ્રવાલ કોલેજ, સુરત.) ૪. ભાટિયા કરિશ્મા પ્રમોદભાઈ (એમ.ટી.બી. આર્ટસ્ કોલેજ, સુરત) ૫. રાજપુરોહિત મમતા ઓ. (શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ) વિજેતા રહ્યા હતા.

## Library-Archive

આર્કાઈવ્સની જ્ઞાનના ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. કોઈપણ સંસ્થાના પ્રલેખોની સાચવણી ભાવિ પેઢીને ઘણી જ ઉપયોગી થાય છે. સંસ્થાના પ્રલેખોની સાચવણીથી સંસ્થાની કાર્યપ્રણાલી અને ઈતિહાસનું દર્શન થાય છે.


યુનિવર્સિટીના વિવિધ ડોકયુમેન્ટસના ઐતિહાસિક મહત્ત્વને સમજીને Archive સ્વરૂપે યુનિવર્સિટી ગ્રંથાલય સંગ્રહિત કરે છે. આ સંગ્રહને વર્ષ ૨૦૧૭ની NAAC એ પણ પોતાના અહેવાલમાં નોંધ કરતાં લખ્યું છે કે, "Well-organized library with valuable archive of National importance."

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ગ્રંથાલયમાં વિવિધ પ્રકારના Archives નો સ્વતંત્ર સંગ્રહ કરવામાં આવેલ છે. જેમાં Gandhi Centenary Celebrations 1968-69ના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જીવનપ્રસંગો ૩૫ ફોટાઓ, ડૉ.ઝાકિર હુસેનના ૧૦ ફોટાઓ, President - Giri's State Visit To Cylon [ 8 to 12, 1970]ના ૧૩ ફોટાઓ, Ghalib Centenary Celebrations [February- March, 1969] ના ૧૧ ફોટો 2-Man Indian Rowing Expedition To Andamans [Ferbruary 1 To March 6, 1669]ના ૧૦ ફોટાઓ, Draught-Bihar Eastern And Central Uttarpradesh And Some Other Parts Of Country ના ૧૫ ફોટા–નકશા, National Film Awarded 1969, SangeetNatakAkademi Award ના ૧૦ ફોટા, Life of Gandhi 1869 To 1948 ની ૧૫ Film Reel ૪૫૮ અલભ્ય નકશાઓ અને ૬૪ એટલાસ ઉપલબ્ધ છે.


ઓકટોબર–૨૦૧૮ થી આજદિન સુધીના વિવિધ વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થયેલા યુનિવર્સિટી સંબંધિત સમાચારપત્રોના કતરણની ફાઈલો, વીર કવિ નર્મદના સંદર્ભમાં જોઈએ તો આ ૧૯૦૪નું નર્મદ કૃત 'નર્મદ કોષ', ૧૯૩૩ નું વિ.મ.ભટ્ટ કૃત 'વીર નર્મદ'૧૯૩૭નું ક.મા.મુનશી કૃત નર્મદ: અર્વાચીનોમાં આદ્ય', ૧૯૩૭નું નર્મદ કૃત ઉત્તર નર્મદ ચરિત્ર'પણ જોવા મળે છે. તદ્પરાંત બુદ્ધિપ્રકાશ (૧૮૫૩), The work of Alfred Tennyson(1881), દેસાઈ ઈચ્છારામનું 'બૃહત્ કાવ્યદોહન' (૧૮૯૦), પ્રેમશંકર ત્રિભુવન કૃત 'કલાપીનો વિરહ' (૧૯૧૩), ભાલણકૃત 'દશમ સ્કંધ' (૧૯૧૫), દયારામ કૃત **'काव्यमणिमाला–३'**, અરદેશર ખબરદાર કૃત 'સંદેશિકા'(૧૯૨૫), શામળ ભટ્ટ કૃત 'સિંહાસન બત્રીસી વા બત્રીસ પુતળી' (૧૯૨૬), ન્હાનાલાલ કૃત 'વિશ્વગીતા'(૧૯૨૭), બ.ક.ઠાકોર કૃત 'લિરિક પ્રયોગમાલા' (૧૯૨૮) વગેરેનો સમાવેશ થાય છે.

યુનિવર્સિટીના પ્રકાશનો જેવાં કે, જર્નલ્સ, ન્યુઝલેટર્સ, બ્રોશર, દીક્ષાંત પ્રવચનો, વર્કીંગ પેપર્સ, કોન્ફરન્સ પેપર્સ, પ્રશ્નબેંક, પ્રશ્નોપત્રો, અભ્યાસક્રમો, યુનિવર્સિટી ડાયરી, કેલેન્ડર્સ, વાર્ષિક અહેવાલ, અંદાજપત્ર, અહેવાલ, પરીક્ષા સુધારણા બુકલેટસ, યુનિવર્સિટી પ્રકાશિત પુસ્તકો, યુનિવર્સિટી એકટ, હેન્ડબુકસ, ઓર્ડિનાન્સ, ઓકટોબર ૨૦૦૮ થી આજદિન સુધી યુનિવર્સિટીમાં યોજયેલ વિવિધ કાર્યક્રમના આમંત્રણકાર્ડ, ફોટોગ્રાફસ અને સી.ડી. પણ સંગ્રહિત કરવામાં આવેલ છે.


વર્ષ ૧૮૦૯થી ૧૯૪૭ સુધીમાં પ્રકાશિત થયેલાં પુસ્તકોને Archive સ્વરૂપે સ્વતંત્ર ખંડમાં સંગ્રહિત કરેલ છે. આ સંગ્રહમાં ૧૭૯૯ ગ્રંથો સમાવેશ પામે છે.




નર્મકથાકોષ.
(રામાયણ–ભારત–ભાગવતમાના
કથાપ્રસંગ.).
સંખ્યાત શબ્દાવલી તથા પર્વોત્સવ
તિથ્યાવલી સહિત.
કવિ નર્મદાશંકર લાલશંકર કૃત.
તે
જયશંકર નર્મદાશંકર લાલશંકરે
છપાવી પ્રસિદ્ધ કર્યો.
(ત્રીજી આવૃત્તિ)
મુંબઈ–"ગુજરાતી" પ્રેસ.
સંવત ૧૯૬૦. સને ૧૯૦૪.
પ્રકાશન વર્ષ : ૧૯૦૪
કિંમત રૂ ૨.



નર્મદ
અર્વાચીનોમાં આદ્ય
: લેખક :
કનૈયાલાલ મુનશી
પ્રકાશન વર્ષ : ૧૯૩૭
: પ્રકાશક :
આર. આર. શેઠની કંપની
બુકસેલર્સ એન્ડ પબ્લિશર્સ
કેશવબાગ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨




પ્રફુલ્લચંદ્ર ત્રિવેદી
વીર નર્મદ
કવિ નર્મદાશંકરની પ્રથમ શતાબ્દી પ્રસંગની સ્મારકગ્રંથિકા
લેખક
વિશ્વનાથ મગનલાલ ભટ્ટ
'વીર સત્ય ને રસિક ટેકીપણું અરિ પણ ગાશે દિલથી.'
પ્રકાશક
ગુજરાત સાહિત્ય સભા અમદાવાદ
પ્રકાશન વર્ષ : ૧૯૩૩




નર્મદનું મન્દિર
ગદ્યવિભાગ
સંયોજક
વિશ્વનાથ મગનલાલ ભટ્ટ

Thou of an independent mind,
With soul resolv'd, with soul resign'd;
Prepar'd Power's proudest frown to brave,
Who will not be, nor have a slave;
Virtue alone who dost revere,
Thy own reproach alone dost fear,–
Approach this shrine, and worship here.
—*Burns*


પ્રકાશક
ગુજરાત સાહિત્યસભા, અમદાવાદ.
પ્રકાશન વર્ષ : ૧૯૩૭





ઉત્તર નર્મદ ચરિત્ર
(ઈ. સ. ૧૮૬૬ થી ૧૮૮૬)
("મારી હકીકત" ભાગ ૨ જો)
કવિ નર્મદાશંકર લાલશંકર દવે
પ્રકાશન વર્ષ : ૧૯૩૭
પ્રકાશક ::
"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ
સાસુન બિલ્ડિંગ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ–મુંબઈ





ગુજરાત રાજ્ય
કેળવણી ખાતું
ગુજરાત રાજ્ય નિયુક્ત
દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સમિતિનો
અહેવાલ
૧૯૬૪
*
૧૯૬૪
અમદાવાદ
શાસન મધ્યસ્થ મુદ્રણાલય
[કિંમત રૂા. ૧.૦૫ પૈસા]



પ્રથમ
વાર્ષિક અહેવાલ
દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
વાર્ષિક અહેવાલ
[ સને ૧૯૬૬–૬૭ ]


INSTITUTE FOR GOVERNMENT RESEARCH
SERVICE MONOGRAPHS
OF THE
UNITED STATES GOVERNMENT
No. 14
THE BUREAU OF EDUCATION
ITS HISTORY, ACTIVITIES
AND ORGANIZATION
BY
DARRELL HEVENOR SMITH
Pub. Year : 1923
THE JOHNS HOPKINS PRESS
BALTIMORE MARYLAND
1923


Publication Year: 1931
अनुवादकः—ज्योतिषी कृष्णशंकर केशवराम रेक.
संशोधकः—माणेकलाल चुनीलाल भगवान मथुरावाळा.
प्रकाशकः
पंड्या अम्बालाल चीमनलाल


THE WORKS
OF
ALFRED TENNYSON
POET LAUREATE
Pub. Year : 1881
LONDON
C. KEGAN PAUL & CO., 1 PATERNOSTER SQUARE
1881


લિરિક
પ્રયોગમાલા
નિબન્ધો વ્યાખ્યાનો ચર્ચા આદિ
ઝંખી રહે છે નમ્ર જે સતસેવના
લાધે છ તેને એકબે તાજાં સુમન
કર્તા
બલવન્તરાય કલ્યાણરાય ઠાકોર
૧૯૨૮
ગ્રંથસ્વામિત્વના સર્વ હક્ક સ્વાધીન
પ્રકાશન વર્ષ : ૧૯૨૮


દશમસ્કંધ
(પ્રકાશન વર્ષઃ ૧૯૧૫)
લે.: ભાલણ કૃત.
Accession No.44250

## કોલેજન્યુઝ

### SEMINAR

A Seminar / Query Session was organized by C. N. Kothari Homeopathic Medical College, Vyara in association with HMAI Vyara Unit on the Subject of Gynaecology & Obstetrics. The Queries were solved by Dr.Jayesh Patel a Gynaecologist &Fetal Medicine specialist from Surat. Students of 3rd BHMS, Interns & Staff put up questions in the said subject and was answered by the speaker. It was successfully conducted seminar committee headed by Dr.Jayantilal J. Jain under the guidance of the Principal Dr. (Mrs.) Jyoti R. Rao.








## વ્યકિતત્વવિકાસ:પુસ્તકોનો સહવાસ

**यत्पाद्द्वावाश्रितानांश्रुतिशमविनय प्राप्तिरग्राह्यामोघा ।**

(જેના પદનો આશ્રય કરનારને જ્ઞાન, શમ અને વિનય, અતિઉત્તમોત્તમ અને અમોઘ પ્રાપ્ત થાય છે.)

સહવાસથી જેમ માણસના ગુણની અને પ્રકૃતિની પરીક્ષા થાય છે તેમ જે તે પુસ્તકોનો તેને શોખ હોય છે તે ઉપરથી પણ તેના વિષેનું અનુમાન થાય છે, માટે માણસે નિત્યઉત્તમ જ સહવાસ રાખવો. પછી તે માણસોનો હોય, કે પુસ્તકોનો હોય.

ઉત્તમ પુસ્તક તે ઉત્તમમિત્ર સમાન છે. એને ત્રણે કાલમાં વિકાર થતો નથી, જેવું તે હતું તેવું ને તેવું જ રહે છે. ઘણામાં ઘણો નિત્ય, ઘણામાં ઘણો સહનશીલ, અને ઘણામાં ઘણો આનંદ આપનાર મિત્ર પુસ્તક જ છે. આપત્તિ સમયે તે આપણાથી વિમુખ થતો નથી, નિરંતર સમાન પ્રેમથી જ સત્કાર કરે છે, બાલ્ય અને યૌવનમાં આનંદસહિત જ્ઞાન આપે છે. વૃદ્ધાવસ્થામાં આશ્વાસન અને અમર આશાનું સુખ સંબોધે છે.

માણસોને ઘણીવાર એમ થાય છે કે કોઈ એક પુસ્તક માટે ઉભયને પ્રેમ હોય તે ઉપરથી ઉભયને પરસ્પર સ્નેહ થાય છે. મૈત્રીમાં પણ વારંવાર એવું થાય છે કે કોઈ માણસ ઉપર બે જનને સમાન સ્નેહ હોય તો તે દ્વારે તે બન્ને પરસ્પર મિત્ર થાય છે.

ઉત્તમ પુસ્તક છે તે ઉત્તમજીવિતનીઉત્તમતાના પિંડીભૂત સાર જેવું છે; કારણ કે મનુષ્યનું ખરું જીવિત તેના જ્ઞાનને ઉદ્ભવ પમાડેલી સૃષ્ટિ તે જ છે. એવા ઉત્તમ પુસ્તકો અતિ અમૂલ્ય અને આનંદકારી વચનોના ભંડારરૂપ હોય છે, અને તેનો સહવાસ કરતાં તે આપણા અતિવિશ્વાસુ મિત્ર અને સુખ આપનાર નીવડે છે. જેમને ઉચ્ચતાનો સહવાસ છે તે કદાપિ એકલાં નથી. પુસ્તકોમાં અમરત્વનો અંશ છે, કેમ કે મનુષ્યકૃતિમાંની એજ એક લાંબામાં લાંબુ જીવિત ભોગવે છે. દેવાલય અને કીર્તિસ્તંભ ભાંગીને ધૂળ થઈ જાય છે, ચિત્રો છબીઓ અને મૂર્તિઓ ખવાઈ જાય છે, પણ પુસ્તકો જીવતાં રહે છે. જે ઉત્તમવિચારો છે તેમને કાલનો પણ બાધ નથી, કેમકે, તે જયારે તેમના પ્રકટ કરનારના મનમાં આવિર્ભાવ પામ્યા ત્યારે જેવા હતા તેવાને તેવા અદ્યાપિ પણ છે. કાલની જો કાંઈ પણ અસર તેમના ઉપર હોય તો એટલી જ છે કે તેમની સાથે જે કાંઈ મેલ કે છોતરાંનો ભાગ હોય તેને તે સાફ કરે છે. * [ એ જ સંબંધે એક વિદ્વાને પુસ્તકો વાંચવા વિશે ત્રણ નિયમ કહયા છે; (૧) જેને એક વર્ષ પણ ન થયું હોય તે પુસ્તક વાંચવું નહિ.(૨) પ્રખ્યાત હોય તે જ પુસ્તક વાંચવું. (૩) પોતાને રૂચિ હોય તે વિષયનું પુસ્તક વાંચવું. લોર્ડલીટને કહ્યું છે શાસ્ત્રાદિવિષયમાં નવામાં નવું પુસ્તક વાંચવું, સાહિત્યાદિવિષયમાં જૂનામાં જૂનું.]

પુસ્તકો આપણને અતિઉત્તમ સહવાસ કરી આપે છે; અને જે મહાત્માઓ થઈ ગયા તેમના હૃદયની સમક્ષ આપણને

લઈ જાય છે. એમને બોલતાં આપણે સાંભળીએ છીએ. તેઓ પ્રત્યક્ષ જીવતા હોય તેમ તેમને જોઈએ છીએ. આપણે તેમના વિચારમાં ભાગ લઈએ છીએ. તેમની દયાર્દ્રતામાં દયાર્દ્ર થઈએ છીએ, તેમના આનંદમાં આનંદીએ છીએ. તેમનાં અશ્રુ ભેગાં અશ્રુ પાડીએ છીએ. મહાત્માઓ મરતાં જ નથી, એમનાં પુસ્તકોમાં એમનો આત્માનિરંતર વિચરે છે. વ્યાસ, મનુ, યાજ્ઞવલ્કય, શંકર, કાલિદાસ, ભવભૂતિ અદ્યાપિ જીવતાં જ છે.

આવા મહાત્માઓની મંડલીમાં ગરીબ અને દીનમાં દીન માણસ પણ પુરોભાગિતા રૂપ દોષને પ્રાત્ર થયા વિના, સહજે દાખલ થઈ શકે છે. જેને જેને વાંચનશકિત છે તે સર્વ એ મંડળના ગુહ્યાગારમાં દાખલ છે, તમારે પ્રેમનો પ્રભાવ સમજી અસ્ખલિત વ્યવહારમાર્ગમાં વિચરતાં મોક્ષ પામવો છે? વાલ્મીકિ તમને તે બતાવશે. તમારે શૃંગારામૃત પાન કરવું છે? કાલિદાસ અને ભવભૂતિ તમને તેમાં રસ બસ કરશે. પરમ અભેદ અનુભવી જીવિતનું સાર્થક કરવું છે? જ્ઞાનવલ્કય, શંકર આદિ તમને તે બતાવશે.

માણસ જ માણસના મનને આકર્ષે છે. માનુષજીવિતના સંબંધનું જે કાંઈ હોય, મનુષ્યના જે જે અનુભવ, આનંદ, શોક, પરાક્રમ, ઈત્યાદિના પ્રસંગ હોય, તે ઉપર જ માણસનું મન બીજા કરતાં વધારે ખેંચાય છે. તેને તેમાં જ કાંઈક વિશેષ રમુજ પડે છે. એમ પ્રત્યેક માણસ થોડે ઘણે અંશે બીજાં માણસના મન રાખે છે. એટલે જેમ જેના મનનો વધારે પુસ્તકો દ્વારા વધારે માનુષ અનુભવના પ્રસંગમાં પ્રચાર, અને તેથી વધારે મનુષ્યો સાથે તેના મનનો સંબંધ, તેમ તેના હૃદયની વધતી ઉદારતા, અને વધતો દયાભાવ, પ્રેમભાવ.

એ જ કારણથી જીવનચરિતો વાંચવા ઉપર માણસને વધારે પ્રીતિ રહે છે. વાર્તા અને કથાની ચોપડીઓનાં આટલાં બધાં ઘરાક થાય છે તેનું કારણ પણ એ જ છે. વાર્તાઓ છે તે કલ્પિત જીવનચરિત છે. પ્રત્યક્ષ જીવનચરિતરૂપ નાટકો જોવામાં મનુષ્યને જે આનંદ અને આકર્ષણ થાય છે, તે પણ આજ કારણથી.

સર્વ જીવનચરિતમાં રામકથા જેવું જીવનચરિત આપણા લોકને વધારે રૂચિકર બીજું એક પણ નથી. આપણા પુરાણ આદિમાં અનેકાનેક ચરિતો ભરપૂર છે. પરંતુ રામકથા જે વિશુદ્ધિ પ્રેરે છે, જે અદ્ભૂત અને અલૌકિક તેમ નિત્ય દ્રષ્ટિએ આવતા એવા પ્રસંગોનું વર્ણન કરી તેમાં જણાયેલા રામના માહાત્મયદ્વારા શુદ્ધ નિયમનો માર્ગ દર્શાવે છે, અને એમ છેક પરમજ્ઞાન સુધીનો માર્ગ બોધે છે, તે કોઈ પણ કથામાં, કોઈ પણ ગ્રંથમાં સમગ્રરૂપે મળી આવવું સુલભ નથી. કૃષ્ણનું જીવિત યર્થાથ સમજનારને યદ્યપિ તેવું જ ઉત્તમ છે તથાપિ તેની કહેલી ગીતા પણ એક અનંતજ્ઞાન અને નીતિનો આખા જગતમાં અપ્રિતમ નમૂનો છે. એમાંજ મહાત્માઓનાઆત્મા આપણી આગળ પ્રત્યક્ષ છે, અને નિરંતર આપણને સદ્બોધ આવવાના પ્રસંગો લીધાં જાય છે.

ઉત્તમજીવનચરિતોની અસર એટલી બધી થાય છે કે આપણા દેશમાં પુરાણના મહાત્માઓ કે દેવતાઓનાં ચરિતના વર્ણનથી, કે રામકથાના રસથી, કે મહાભારતના સર્વરૂપ ઉપદેશથી, જેમ અનેક મહાપુરૂષો અને સન્નારીઓનાં ચરિત ઘડાયેલાં છે, તેમ યુરોપ આદિ દેશોમાં પણ બાઈબલથી ઉતરતે દરજજે પ્લુટાર્કનો લખેલો જીવનચરિત માલાનો ગ્રંથ અનેકાનેકના ચરિતનો જીવાતુભૂત થઈ પડેલો છે. પરંતુ આવાં ઉત્તમચરિત સમજવાથી ઉત્તમ અસર થાય તે માટે જીવનચરિત લખાવાની પદ્ધતિમાં સમૂલ ફેરફાર થવાની આવશ્યકતા છે. વર્ણ્યના ગુણ માત્રનેજ બહાર લાવી અવગુણો ઉપર ઢાંકપીછોડો કરવાની જયાં ઈચ્છા હોય અથવા મૂલે ગુણ હોય જ નહિ છતાં પણ ગુણ ઉપજાવી કાઢી ખુશામત કે ભાટાઈ કરવાની ક્ષુદ્રબુદ્ધિ હોય, ત્યાં જીવનચરિત સારાં લખાઈ શકાય નહિ. દા. જોન્સન કહે છે કે વર્ણ્યવીરોને દેવતાતુલ્ય બનાવવાથી ઉલટી હાની થાય છે, કેમકે તેમને આપણા પોતા જેવા જાણવાથી તેમનું અનુકરણ કરવાની આપણને જે ઈચ્છા થાય તે ભાંગી પડે છે, અને એવાં જીવનચરિતથી ઉત્તેજનને બદલે માત્ર નિરાશા પેદા થાય છે. આ વાત ખરી છે, કેમકે ગમે તેવો મોટો મનુષ્ય પણ છે તો મનુષ્ય જ એટલે તેના મનુષ્યત્વના અંશોને ઢાંકી કેવલ દૈવી અંશોને જ બહાર લાવવા એ વાસ્તવિકજીવનચરિત ન ગણાય. મનુષ્યના આચાર વિચાર, ને તે પણ છેક નાનામાં નાના, અને નજીવામાં નજીવા, તેમજ તેની આકૃતિ, ગતિ, આદિ સર્વ બહુ બારીકાઈથી આપવાં જોઈએ; તેના ગુણ તેમ તેના દોષ યથાર્થ હોય તેવા બતાવવાં જોઈએ; જીવનચરિતદ્વારા મનુષ્યસ્વરૂપ અને તેને અંગે ઘડાતું તેના સંબંધોનું સ્વરૂપ એના નિયમનોઅભ્યાસ કરી તે દ્વારાઉચ્ચતા ગ્રહવાનો એજ ઉત્તમોત્તમ માર્ગ છે. શરીરની એકાદ ખોડમાંથી કે સ્વભાવના એકાદ વલણથી આખા જીવિત ઉપર અને તે જીવિતને તે દ્વારા થયેલા વેગથકી આખા દેશ કે આખી પૃથ્વી ઉપર, બહુ વિલક્ષણ અસરો પેદા થયેલી છે, ને થાય છે. એવી સર્વ વાતનો જેમાં સમાસ થતો હોય તેજ તાદશ જીવનચરિત ગણાય. બાકી ટાપટીપથી શણગારેલાં નાટકનાં પૂતળાં જેવાં હાલના જીવનચરિતો જો કે એક ઘડીભર આંખને આનંદ આપે છે, તોપણ આપણે અંતરથી એમ જાણીએ છીએ કે અંદરથી તો ધાગા અને કૂચાનાં જ તે બનેલાં છે, એટલે તેવાં ચરિતોના નાયક ઉપર કે તેમના નિરૂપક ઉપર આપણને માન કે ભકિતને સ્થાને તિરસ્કાર કે ઉપેક્ષા જ થાય છે.

જેવી અસર જીવનચરિતની છે તેવી બીજા કશાની નથી; માટે બાળકોએ તેમજ મોટાંએ જીવનચરિતો વાંચવાનો શોખ વધારવો, પણ તેમાં આપણા દેશમાં હાલ જે જીવનચરિતો લખાય છે તેમાંથી પસંદ કરતી વખતે બહુ સાવચેતી રાખવી. પુસ્તકો પસંદ કરવામાં માણસે પોતાના વલણ ઉપર લક્ષ આપીને પસંદગી કરવાની છે, પરંતુ બાળકોને માટે તો, તેમનું વલણ તપાસી, તેમનાં ચતુર માતાપિતાએ યોગ્ય પસંદગી કરી આપવી જોઈએ. જો યોગ્ય પુસ્તક યોગ્ય વાચકના હાથમાં ગયું તો કોઈ અલૌકિકચમત્કાર એની મેળે પ્રકટ થઈ આવે છે. પુસ્તકગત વિષયનું વાચકના હૃદય ગત ગુપ્તરસ, આવેશ, ચાતુર્ય સાથે ઐકય થતાં જ, હૃદયગત ભંડારનું આવરણ તૂટી જાય છે, અને અંદરનો ખજાનો એવો ઝળકી ઉઠે છે કે તેના

માલિકને તેમ આખા જગતને આનંદ આપે છે. બુદ્ધિમાન માણસોને આવા અનુભવ પ્રતિક્ષણ થાય છે, ને હું નથી ધારતો કે કોઈ લેખક અથવા વિદ્વાનને પોતાના મનમાં કોઈ નવીન ગ્રંથનો કે નવીન તર્કનો સાકાર સંકલ્પ એકાદ તદનુરૂપ ગ્રંથ વાંચતાંજ ઉઠયો એવો અનુભવ ન હોય.

એમ પુસ્તકોનો સહવાસ જો યોગ્યવિવેકથી રાખવામાં આવે તો લાભકારી છે; અનેક રીતે લાભાકારી છે. પરિચય પરિચયમાં પણ ફેર છે. ઘણાંકને એવો શોખ હોય છે કે પુસ્તકો રાખવાં એટલે જ બસ, પણ તે શોખથી, જો તે પુસ્તકો પોતાને અથવા પારકાને ઉપયુક્ત ન થતાં હોય, તો લાભ નથી. પરંતુ પ્રથમ તો આપણા દેશમાં પુસ્તકોનો જ ઝાઝો શોખ કોઈ ધરાવતું નથી, ત્યાં આવા શોખની વાત કયાં? લેખકોએ ઉત્તમ પુસ્તક દ્વારા કરોડો દ્રવ્યનીમિલકત પ્રાપ્ત કરી એવા દેશ યુરોપ અને અમેરિકાવિના બીજા નથી, અને આપણા તો ભોજ, વિક્રમ, અકબર, શિવાજી મરી પરવાર્યા છે. પરંતુ જે કાંઈ થોડો એ શોખ છે તેને એવી રીતે કેળવવો, કે પ્રત્યેક પુસ્તકમાંથી કાંઈનં કાંઈ શીખાય, કાંઈને કાંઈ નવીનતા ગૃહાય, પુસ્તકના સહવાસનું સાર્થક પણ ત્યારે જ થયું કહેવાય, બાકી તો પુસ્તક વેચનારા પણ પુસ્તકના સહવાસે કયારના મહાપંડિત કે મહાજ્ઞાની થયા હોત.

પુસ્તકની સોબતમાં જે અનંતાનંત લાભ છે, તેમના ચરણનો આશ્રય કરવાથી જે અગ્રય એટલે ઉત્તમોત્તમ અને અમોઘ એટલે સિદ્ધ, જ્ઞાન, વિવેક અને ચાતુર્ય પેદા થાય છે, તે બધું તો એક બાજુએ રહ્યું, પણ બીજા સહવાસો કરતાં પુસ્તકને અમથાં ઉથલાવી જવા જેટલો પણ પુસ્તકનો સહવાસ લાભકારી છે. બે અક્ષર આવડે તે તો પડયા જડે, પણ ઉલટું નઠારા વિચારમાંથી કે નઠારી સોબતમાંથી ઉગરાય એ મહાલાભ છે. સમય નકામો, કે ભારે લાગે નહિ, અને ગમત સાથે જ્ઞાનનો અનુભવ થાય.

" યોદ્ધાઓ કરતાં વિદ્વાનો(કવિઓ) વધારે અમર છે. મુએલા લેખકો જીવતાં જ છે, તેમના લેખરૂપે અદ્યાપિ જીવે છે ને સર્વત્ર વિચરે છે; યોદ્ધાઓ, દેશના દેશ જીતનારા યોદ્ધાઓ, ખાક થઈ ઉડી ગયા છે. વિચારવિચારવચ્ચે જે આકર્ષણ છે તે વિચાર અને કાર્ય વચ્ચેના આકર્ષણ કરતાં વધારે મજબૂત, સારૂપ્યવાળું, અને એકત્વરૂપ છે. જયોતથી જયોત પ્રકટે છે તેમ વિચારવિચારથી ખેંચાય છે; ગત યોદ્ધાઓને જે સ્તુતિશ્રદ્ધાંજલિ અપાય છે તે તો માત્ર આરસપહાણના મંદિરમાં સળગાવેલ ધુપ જેવી છે; જેમ જેમ સમય જાય છે તેમ શબ્દો, વિચારો, સંજ્ઞાઓ દ્રઢ થતે થતે પદાર્થરૂપ થતાં ચાલે છે; પદાર્થ, શરીર, કર્મ, ઘસાઈને ખાક થાય છે, શબ્દમાત્ર થઈ જાય છે, હવામાં જાય છે. મનુષ્યની બુદ્ધિમાત્ર જ અમર છે. તેજ તેના પછી થનારને પરંપરાએ ઉતરે છે. શબ્દ એજ એક એવી વસ્તુ છે જે અમર વિચરે છે." માટે ઉત્તમ લેખકોના વિચારોનોનિરંતર સહવાસ રાખી તે પ્રમાણે વર્તન રાખવા યત્નવાન થવાથી ચારિત્ર ઘણું ઉન્નત, રસમય, તત્વમય, અને વિનીત નીપજે છે, એ વાત ઉપર સર્વદા લક્ષ રાખવું આવશ્યક છે.

**[ સાભારઃચારિત્ર. લેખકઃ મણિલાલ નભુભાઈ દ્વિવેદી. પ્રકાશન વર્ષઃ પ્ર.આ., ૧૯૨૨, મૂલ્ય રૂા. ૧–૪–૦. પૃ.૧૨૦. પરિગ્રહણાંકઃ ૧૪૨૬૦. સંગ્રહસ્થાનઃ આર્કાઈવ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, સુરત.]**

**Chief Editor: Dr.K.C.Poria**
Professor and Head
Department of Physics
Veer Narmad South Gujarat University
Surat.

**Editor: Dr.B.J.Ankuya**
Assistant Librarian
Veer Narmad South Gujarat University
Surat.

**Published by: Shri A.V.Dhaduk**
I/c Registrar
Veer Narmad South Gujarat University
Surat.

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org.

**E-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com**

### શિક્ષણ કેવું હોવું જોઈએ

મનુષ્યની અંદર રહેલી પૂર્ણતાને અભિવ્યકત કરવી એ જ શિક્ષણ છે. સમસ્ત જ્ઞાન પછી એ લૌકિક હોય કે આધ્યાત્મિક, મનુષ્યના મનમાં જ છે. મોટે ભાગે એ પ્રકાશિત ન થતાં ઢંકાયેલું રહે છે અને જયારે આવરણ ધીમે ધીમે ખસતું જાય છે ત્યારે આપણે કહીએ છીએ કે ' 'અમે શીખી રહ્યા છીએ.' જેમ જેમ આ આવિષ્કારનીક્રિયા વધતી જાય છે એની સાથે આપણા જ્ઞાનમાં વધારો થતો જાય છે. જે મનુષ્ય પરથી એ આવરણ ખસતું જાય છે એ મનુષ્ય અન્યવ્યકિતઓ કરતાં વધુ જ્ઞાની છે અને જેની પર આવરણના પડ ઉપર પડ પડેલાં છે એ અજ્ઞાની છે.

વાસ્તવમાં કયારેય કોઈ વ્યકિતએ અન્યવ્યકિતને શીખવ્યું નથી. આપણા પૈકી દરેકે પોતાની જાતને જ શીખવવાનું રહેશે. બહારના ગુરુ તો કેવળ સલાહ અથવા પ્રેરણા આપનારા હોય છે, જે આપણી અંદર રહેલા ગુરુને બધા વિષયોનો મર્મ સમજવા માટે જાગ્રત કરે છે.

**(ભારતીય શિક્ષા ગ્રંથમાળા, ગ્રંથ ૪)**